# કારકપ્રકરણ
# પ્રથમાવિભક્તિ

સમર્પણ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ગાંધીનગર

પ્રસ્તુત કર્તા : ડૉ. હેમંત વૈષ્ણવ

સંસ્કૃત વિભાગ

ટી. વાય. બી.એ. સેમ. ૫ પેપર (CC- ૩૦૧)

વર્ષ – ૨૦૨૦-૨૧

# કારક એટલે શું ?

करोति इति कारकम | क्रियायाः निवर्तकम | येन विना क्रियानिर्वाहो न भवति तद कारकम |

જે ક્રિયા કરે તે પદાર્થ (પદ)ને કારક કહેવાય. ક્રિયાને પાર પાડવામાં સહાયક, જેના વગર ક્રિયા નાં થાય તે કા

करोति कर्तुकर्मादिव्यपदेशान इति कारकम |

કર્તા, કર્મ એવો જેની સાથે વ્યવહાર થાય તે કારક.

# કારક કેટલા ?

कर्ता कर्म करणं संप्रदानं तथैव च |
अपादानाधिकरणे कथ्यन्ते कारकाणि षट ||

કારક ૬ છે. કર્તા, કર્મ. કરણ, સમ્પ્રદાન, અપાદાન, અધિકરણ
એક સબંધ વિભક્તિ

| | | |
|---|---|---|
| પ્રથમા – કર્તા – કર્તા | रामः | રામ |
| દ્વિતીયા – કર્મ- કર્મ | वनं | વનમાં |
| તૃતીયા – કરણ (સાધન) – થી, વડે. | रथेन | રથ વડે |
| ચતુર્થી – સમ્પ્રદાન (આપવું) –માટે | सीतायै | સીતા માટે |
| પંચમી – અપાદાન (છુટું પડવું) – માંથી | अयोअध्यायात | અયોધ્યાથી |
| ષષ્ઠી – સબંધ – નો,ની,નું,નાં. | दशरथस्य | દશરથનો |
| સપ્તમી – અધિકરણ (આધાર) –માં | वने | વને |
| સંબોધન – પ્રથમા વિભક્તિ | हे राम | હે રામ |

# વાક્ય અને તેની રચના

વાક્ય કોને કહેવાય ?

एकतिङ्ग वाक्यम् | ઓછામાં ઓછું એક ક્રિયાપદ

करोति | खादति | पिबति | आस्ते | धावति |

ક્રિયાપદ સાથે જે પદ જોડાય તે વિભક્તિના માધ્યમથી જોડાય.

राम ( કોઈ અર્થ નથી દર્શાવતું)

रामः (કર્તા)

दशरथस्य - रामः - रथेन - सीतया सह - अयोध्यायात - वनं - गच्छति |

શરથનો પુત્ર - રામ - રથ વડે - સીતા સાથે - અયોધ્યાથી - વનમાં - જાય છે.

સબંધ - કર્તા - સાધન - સમ્પ્રદાન - અપાદાન - કર્મ - ક્રિયાપદ

# પ્રથમા વિભક્તિ (કર્તા)

प्रातिपदिकार्थालिंगपरिमाणवचन**मात्रे** प्रथमा |
પ્રાતિપદીક લિંગ પરિમાણ વચન માત્રમાં પ્રથમા વિભક્તિ.

नियातोपस्थितिकः प्रातिपदिकार्थः |
ચોક્કસપણે અર્થ અપાવે તે પ્રાતિપદિકાર્થ.

अर्थवदधातुराप्रत्यायः प्रातिपदिकम | १/२/४५
અર્થયુકત, અધાતુ, અપ્રત્યય = પ્રાતિપદિક

राम, सीता, युधिष्ठिर વગેરે નામ છે અર્થ આપે છે.

# प्रातिपदिकार्थ मात्रे (प्रथमा)

નિશ્ચિત રીતે અર્થનો બોધ થાય. આ માટે પ્રથમા વિભક્તિ

પ્રથમા વિભાક્તિનો પ્રત્યય નાં લાગે ત્યાં સુધી અર્થનો બોધ નાં થાય.

પ્રથમા વિભક્તિનો સૂપ પ્રત્યય લગાડવો.

પ્રત્યય વગર પદનો વાક્ય પ્રયોગ નાં થાય.

रामः , उच्चैः, नीचैः, कृष्णः, श्रीः, ज्ञानम्

# लिंग मात्रे (प्रथमा)

લિંગ એટલે પુલ્લિંગ, નપુંસકલિંગ અને સ્ત્રીલિંગ

ઘણા પદ એવા છે કે જેને પ્રત્યય લાગે પછી એ કયા લિંગમાં પ્રયોજાયો છે એ સમજાય છે. એટલેકે અનિયતલિંગ છે.

જેમ કે તટ પદ તટઃ, (पु.) तटी (स्त्री) तटम (नपु.)

પ્રથમા વીઅભાક્તિનો પ્રત્યય લાગ્યા પછી જ એ પદ નો ચોક્કસ બોધ કરાવે.

# परिमाण मात्रे (प्रथमा)

परिमाण = માપ.
द्रोणो व्रीहिः = પવાલીભાર ડાંગર.
બન્ને પદ પ્રથમા વિભક્તિમાં મૂળ પદ 'દ્રોણ' > દ્રોણઃ
द्रोण + सु > द्रोणस = द्रोणः = પવાલીભાર ચોખા
द्रोण = પવાલી , सु = માપ (પ્રકૃત્યર્થ )
બન્ને પદ વચ્ચે કોઈ ભેદ નથી.
'વ્રીહિ'પરીચ્છેદ્ય છે. એટલે માપી શકાય તેવો પદાર્થ છે. એને 'દ્રોણ' થી માપવામાં આવ્યું છે.
બંને વચ્ચે પરીચ્છેદ્ય- પરીચ્છેદક સબંધ છે.

# वचन मात्रे (प्रथमा)

વચન = સંખ્યા > એક, બે અને ત્રણ કે ત્રણથી વધારે

एकः, द्वौ, बहवः

એકવચન , દ્વિવચન, બહુવચન

रामः, रामौ, रामाः |

સંખ્યા બતાવવા માટે કે વચન બતાવવા માટે પ્રથમા

# संबोधने च |

इह प्रथमा स्यात् | हे राम |

કોઈને બોલાવવા, પોતાની તરફ અભિમુખ કરવા > પ્રથમા

કુલ ૬ કારક

પણ સબંધ કારક ના હોવા છતાં વિભક્તિમાં ગણતરી

> કુલ ૭ વિભક્તિ વ્યવહારમાં અષ્ટમી વિભક્તિ લખીએ છીએ

સંબોધન વિભક્તિ પણ એ પ્રથમા નું જ સ્વરૂપ

रामः = પ્રથમા > हे राम  સંબોધન